**B.V. Patel Institute of Business Management, Computer & Information Technology, Uka Tarsadia University**

**Date: 31/12/2012**

## A day with Inmates of Slower Learners School




ઉકા તરસાડીયા યુનિવર્સીટીના વિદ્યાર્થીઓ શૈક્ષણિક જ્ઞાન, ઈત્તર પ્રવૃત્તિ સાથે સામાજિક મૂલ્યોનું ઘડતર તેમજ સમાજ પ્રત્યેની પોતાની જવાબદારી નિભાવવા હંમેશા તત્પર રહે છે. જેમાં બી. વી. પટેલ ઇન્સ્ટીટયુટના વિદ્યાર્થીઓ દ્વારા સ્થાપિત રેન્ડમ એક્ટ ઓફ કાઈન્ડનેસ ક્લબ દ્વારા તારીખ ૩૧ ડીસેમ્બરના,૨૦૧૨ ના રોજ સ્લો લર્નર બાળકોની શાળા; ખરવાસા સ્લો લર્નર સંકુલ માટે પતંગ મહોત્સવનું આયોજાન કરવામાં આવ્યું હતું જેમાં બી.બી.એ., બી. કોમ ના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ શાળાના બાળકોને પતંગો તેમજ ક્રિકેટના સાધનોનું વિતરણ કરવાની પ્રવૃત્તિ હાથ ધરી હતી. આ સાથે કણાઈ પ્રાથમિક શાળાના ભૂલકાઓને પણ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા મકરસંક્રાંતિ ઉત્સવ નિમિત્તે આ દિવસે પતંગ અને દોરીની ભેટ આપવામ આવી હતી. આ પ્રવૃત્તિ દ્વારા શાળાના બાળકો તથા કોલેજના વિદ્યાર્થીઓએ વર્ષ ૨૦૧૨ ને અનેરી રીતે વિદાય આપી નવા વર્ષને આવકર્યું તેમજ બાળકો સાથે કોલેજના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પતંગ મહોત્સવની ઉજવણી કરી બાળકો સાથે વિવિધ રમતોમાં ભાગ લઇ બાળકોને હર્ષોલ્લાસથી ભરપુર યાદગાર પળો આપવામાં સફળ રહ્યા હતા.

